# નવા યુગનો આરંભ

ઘણીયે વાર જે કામ વાણી નથી કરી શકતી, તે એક નાની અને મૂંગી ચેષ્ટા કરી શકે. આવા કિસ્સા રોજિંદા તો અનેક, પણ એક તો ભારતીય ફિલ્મોના ઇતિહાસમાં નોંધવા જેવો છે.

૧૯૩૦ની સાલની ૩૦મી ડિસેમ્બરે કલકત્તામાં ચિત્રા થિયેટર (કે જે હવે 'મિત્રા' ટૉકીઝના નામે ઓળખાય છે)નું ઉદ્‌ઘાટન સુભાષચંદ્ર બોઝના હાથે થયું. એમાં વિખ્યાત બંગાળી નવલકથાકાર શરદચંદ્ર ચૅટરજીની નવલકથા 'શ્રીકાંત' પરથી બનેલી મૂંગી ફિલ્મ 'શ્રીકાંતો' લાગી હતી. ઉદ્‌ઘાટનના ભભકાદાર સમાચાર આમ તો ઘણાં વર્તમાનપત્રોમાં આવ્યા હતા, પણ એક અંગ્રેજી સમાચારપત્રે તો વિશેષ વજન સાથે ચમકાવ્યા હતા. એમાં લખ્યું હતું, 'આ થિયેટરના માલિક છે શ્રી બીરેન્દ્રનાથ સરકાર, જે બંગાળના ઍડ્‌વોકેટ જનરલ શ્રી નૃપેન્દ્રનાથ સરકારના સુપુત્ર છે. હવે તો ભદ્ર પરિવારનાં સંતાનો પણ આવા 'નાટકચેટકના ધંધામાં' પડવા લાગ્યાં છે.'

આમ તો નૃપેન્દ્રનાથ સરકાર પુત્રની પ્રવૃત્તિ વિશે આછુંપાતળું જાણતા હતા, પણ એનો આમ જાહેરમાં ઢોલ પિટાયો એ જાણીને બહુ ચિડાઈ ગયા. એમણે છાપાનું પાનું ફાડી લીધું. સમાચારોની આજુબાજુ લાલ શાહીથી વર્તુળ દોર્યું અને પછી પુત્ર પોતાના ઓરડામાં કંઈક વાંચી રહ્યો હતો ત્યાં જઈને એના મોં પર એ ફેંક્યું. પુત્રે ચમકીને એમની સામે જોયું. બંને વચ્ચે એક પણ શબ્દની આપ-લે ન થઈ. હા, એણે જોયું કે પિતાએ એમના ખુદના નામ નૃપેન્દ્રનાથ નીચે અને 'નાટકચેટકનો ધંધો' એ શબ્દો નીચે બેવડી લીટીઓ દોરી હતી.

એ જ વખતે એમણે નિર્ણય કર્યો કે હવે હલકા ગણાતા આ ધંધાને ભદ્રતાની ગરિમા આપવા માટે જિંદગી સમર્પિત કરવી. એટલું જ નહીં, પિતાજીને ગળે પણ એ વાત ઉતારવી. એ પછી બે જ મહિને, એટલે કે ૧૯૩૧ની દસમી ફેબ્રુઆરીએ એમણે ભારતીય ફિલ્મોદ્યોગમાં સીમાચિહ્નરૂપ બની રહેનારી ફિલ્મનિર્માણ કંપની 'ધ ન્યૂ થિયેટર્સ લિ.'ની સ્થાપના કરી.

બીરેન્દ્રનાથ ઉર્ફે બી. એન. સરકારે એક જગ્યાએ લખ્યું છે, 'પિતાજીની એ દિવસની એ મૂંગી ચીડભરી ચેષ્ટાઓએ મારા જીવનની દિશા બદલી નાખી એમ તો નથી કહેતો, પણ મને મારું ધ્યેય પાર પાડવા માટેની અણધારી અને દ્રુત ગતિ આપી એમાં શંકા નથી.'

■

૧૯૦૧ની પાંચમી જુલાઈએ બિહારના ભાગલપુરમાં જન્મેલા બી. એન. સરકાર આમ તો સિવિલ એન્જિનિયર હતા. ૧૯૨૩માં લંડનની 'સિટી ઍન્ડ ગિલ્ડ્‌સ એન્જિનિયરિંગ કૉલેજ'માંથી ફર્સ્ટ ક્લાસની ડિગ્રી લઈને એ કલકત્તા આવ્યા હતા અને એન્જિનિયરિંગ

કંપની પણ સ્થાપી દીધી હતી. એ કંપનીની ઑફિસની જ જગ્યામાં પી. એન. રૉય પણ હિસ્સેદાર હતા. એક દહાડો યુવાન બીરેન્દ્રનાથે પોતાના એ હિસ્સેદારની તસવીર ફિલ્મકાર-અભિનેતા, જે પાછળથી બૉમ્બે ટૉકીઝના સંસ્થાપક પણ બન્યા તે, હિમાંશુ રૉયની સાથે જોઈ. એમને કુતૂહલ થયું એટલે એમણે પી. એન. રૉયને એ વિશે પૃચ્છા કરી. ખબર પડી કે તેઓ હરેન ઘોષના મિત્ર હોવાના કારણે હિમાંશુ રૉયના સંપર્કમાં હતા. હરેન ઘોષ એ વખતે મશહૂર નૃત્યકાર ઉદયશંકર સાથે તેના ઇમ્પ્રેસારિયો (આયોજક-પ્રચારક) તરીકે જોડાયેલા હતા અને 'બુકર બોજી' નામનું મૂક ચલચિત્ર પણ બનાવી રહ્યા હતા. બી. એન. સરકારને આમેય આ બધામાં રસ તો હતો જ. પી. એન. રૉયની ઓળખાણથી એમણે અવારનવાર એ શૂટિંગમાં હાજરી આપવા માંડી. એમાંથી એમને એ ચલચિત્રના કૅમેરામૅન નીતિન બોઝ (કે જેઓ પાછળથી ન્યૂ થિયેટર્સમાં એક આધારસ્તંભ બની રહ્યા)નો પરિચય થયો. બી. એન. સરકારને આ ફિલ્મનિર્માણના કામમાં વધુ રસ પડવા માંડ્યો અને છેવટે ૧૯૨૮માં એમણે પી. એન. રૉય સાથે મળીને, માત્ર એક પ્યાલી ચા પીતાં પીતાં જ 'ઇન્ટરનૅશનલ ફિલ્મ ક્રાફ્ટ' નામે નિર્માણકંપનીની સ્થાપના કરી દીધી.

ઍટર્ની જનરલ અને વાઇસરૉય કાઉન્સિલના કાયદાકીય બાબતોના સલાહકાર એવા રુઆબદાર પિતા નૃપેન્દ્રનાથના પરંપરાગત વિચારો એ જાણતા હતા અને એમનો આકરો પરિતાપ પણ એમને માટે વસમો હતો. એટલે એમણે ઘરમાં કોઈને આ વાત કરી નહોતી. અલબત્ત, આ વાત સાવ છાની તો રહી જ ના શકે. છતાં આ પ્રવૃત્તિ છાના ખૂણે થતી હોઈને પિતા આંખ આડા કાન કરતા રહ્યા. આ જ સંજોગોમાં બી. એન. સરકારની આ કંપનીએ સાવ ઓછા ખર્ચમાં, એટલે કે માત્ર રૂપિયા દસ હજારમાં મૂંગી ફિલ્મ 'ચોર કાંટા' અને પછી 'ચાષેર મેયે'નું નિર્માણ કર્યું. સ્ટુડિયો તો હતો નહીં. એટલે મોટે ભાગે આઉટડોર શૂટિંગથી જ કામ ચલાવવું પડ્યું. ફિલ્મો બની ગઈ. એના ડિરેક્ટર્સ હતા અનુક્રમે ચારુ રૉય અને પી. સી. રૉય.

જોકે એ ફિલ્મોની રજૂઆત માટે સિનેમા થિયેટર મેળવવામાં ભારે આપદા પડતી હતી, કારણ કે મૂંગી ફિલ્મો ધડાધડ બનવા માંડી હતી ને હિંદુસ્તાનની પ્રજા માટે એ એક નવતર જોણું બની ગઈ હતી. થિયેટરો ઓછાં હતાં, ફિલ્મો વધારે. આવા સંજોગોને પહોંચી વળવા બી. એન. સરકારે જાતે જ એક સિનેમાગૃહ ખોલવાનું નક્કી કર્યું. આ એ જ સિનેમા હતું કે જેના ઉદ્‌ઘાટન માટે 'આ તો નામાંકિત ઍડ્વોકેટ જનરલ એન. એન. સરકારનો છોકરો છે' એ નાતે સુભાષચંદ્ર બોઝ આવેલા.

પિતાને આ મુદ્દલેય ગમ્યું નહોતું એ વાત સાચી, પણ હવે પારોઠનાં પગલાં ભરી શકાય તેવું નહોતું, કારણ કે આ લાઇનમાં નવા નવા પરિચયો વિકસ્યા હતા. 'ચોર કાંટા' અને 'ચાષેર મેયે' ફિલ્મો બી. એન. સરકારે બનાવી ત્યારે હરેનદા કલકત્તાના

રેડિયો ઉપરથી બે નવજુવાન સંગીતકારોને સમજાવીને લઈ આવેલા (મૂંગી ફિલ્મ ચાલતી હોય તે વખતે ચાલુ ફિલ્મે પરદાની બહારથી સંગીત પીરસવામાં આવતું) એ સંગીતકારો હતા પંકજકુમાર મલિક અને રાયચંદ બોરાલ (આર. સી. બોરાલ). પંકજદા વિખ્યાત બાર્કમાયરની કંપનીમાં કામ કરતા ઊંચા હોદ્દાના અમલદારના સુપુત્ર હતા, તો રાયચંદ બોરાલ ખુદ આકાશવાણીમાં આસિસ્ટંટ પ્રોગ્રામ ડિરેક્ટર હતા. મશહૂર અને સંગીતકાર પિતા લાલચંદ બોરાલના તેઓ પુત્ર હતા. આ બંનેનું રવીન્દ્ર સંગીતમાં મોટું નામ હતું. અરે, કવિવર ખુદ એ બંનેથી પ્રસન્ન હતા. એમણે એ ફિલ્મોમાં શ્રેષ્ઠ સંગીત આપ્યું હતું.

આ બંને ઉપરાંત એક તદ્દન નવો જ પરિચય થયો હતો અને તે અરદેશર ઈરાનીનો. આ મહાશય ખરેખર 'મહા-આશય' હતા. તેઓ ફિલ્મોને બોલતી કરવાની ફિરાકમાં હતા. ૧૯૩૦ની આસપાસ 'ફિલ્મોમાં હવે ધ્વનિ ઉમેરાઈ રહ્યો છે' તેવી હવા જમાવવામાં એમનો ફાળો હતો. એટલે બી. એન. સરકાર થોડા જ સમય પહેલાં પિતાથી છાનાછાના એમને મળવા મુંબઈ જઈ આવ્યા હતા અને મૂંગી ફિલ્મોને બોલતી કરવાના જાદુ વિશે તાંત્રિક જાણકારી મેળવી આવ્યા હતા. ઈરાની એ વખતે પહેલી બોલતી ફિલ્મ 'આલમઆરા'ની તૈયારીઓમાં ગળાડૂબ હતા. છતાં એમણે આ ત્રીસ વરસના જિજ્ઞાસુ જુવાનને સારો એવો સમય આપ્યો અને એની પીઠ થાબડી.

હવે આટલું બધું 'બળતણ' હોય તો પછી એનો વપરાશ એન્જિનને પાછું વાળવામાં થોડો જ કરી શકાય? એને તો આગળ જ ધપાવવું રહ્યું. એ દિવસોમાં બંગાળમાં સાહિત્ય, સંગીત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિના દરેક ક્ષેત્રે નવા યુગનાં મંડાણ શરૂ થઈ ચૂક્યાં હતાં. કવિવર ટાગોર અને શરદબાબુ જેવાં નામ એના જ્યોતિર્ધરો હતા. બી. એન. સરકારને ફિલ્મોના નવા માધ્યમને 'નાટકચેટક'ના મહેણામાંથી બહાર કાઢવાની લગની લાગી હોય ત્યારે આવા દિગ્ગજોનાં સંગીત-સાહિત્ય ક્ષેત્રનાં સર્જનો એના માટેની શ્રેષ્ઠ સામગ્રી લાગતાં હતાં.

આ બધાનો વિચાર કરીને એમણે નક્કી કર્યું કે પોતે પિતાને સમજાવશે. થોડો સમય લાગ્યો, પણ અંતે પિતાને ગળે એ ઘૂંટડો ઊતરાવી શક્યા કે 'મારી ફિલ્મો સાહિત્ય અને સંસ્કૃતિની સંવર્ધક બનશે.' એટલું જ નહીં, એમની પાસેથી નાણાકીય મદદ પણ મેળવી શક્યા. પરિણામે કલકત્તાના ટોલીગંજ વિસ્તારમાં એમણે સસ્તા ભાવે સારી એવી જમીન ખરીદી અને અંતે ૧૯૩૧ના ફેબ્રુઆરીની દસમીએ એમણે 'ધ ન્યૂ થિયેટર્સ લિમિટેડ'ના નામની ફિલ્મનિર્માણ કંપનીની સ્થાપના કરી. પિતાએ એમને આશીર્વાદ આપ્યા અને એના બાંધકામની દેખરેખ માટે પણ અવારનવાર આંટો દેવા માંડ્યા.

આ તરફ સૌથી તાતી જરૂર હતી મૂંગી ફિલ્મોને બોલતી કરવા માટેની યંત્રસામગ્રીની અને એના સાઉન્ડ એન્જિનિયરોની સેવાઓ મેળવવાની. લાંબી વાટાઘાટોને અંતે બી.

એન. સરકારે અમેરિકાની રિન્કો કંપની પાસેથી એ યંત્રસામગ્રી આયાત કરી. જોકે એ માટે થોડી પિતાની વગ વાપરવી પડી. એ સાથે જ એમણે એ જ અમેરિકન કંપનીના નિષ્ણાત એન્જિનિયર ડબ્લ્યુ. એ. ડૅમિંગને પોતાના સાઉન્ડ રેકૉર્ડિસ્ટોને તાલીમ દેવા નિમંત્ર્યા. તેમણે જ આવીને મુકુલ બોઝ, બાની દત્ત અને લોકેન બોઝ જેવા કુશળ ધ્વનિતંત્રજ્ઞોને એ વિષયનું શિક્ષણ આપ્યું. બી. એન. સરકારે શરૂઆતથી જ પોતાની આ નિર્માણસંસ્થાને શૂટિંગ, એડિટિંગ અને ધ્વનિમુદ્રણની પૂર્ણ સુવિધાવાળી બનાવી અને એ રીતે એને કલા અને ઉદ્યોગ બંને રીતે વિકસાવી. એમની પાસે કલાકારો અને કસબીઓની પણ શ્રેષ્ઠ મંડળી હતી. પ્રેમાંકુર અટોર્થી, નીતિન બોઝ (જેઓ અગાઉની બંને મૂક ફિલ્મોના કૅમેરામૅન હતા), અમર મલિક, પંકજ મલિક, રાયચંદ બોરાલ, આઇ. એ. હાફિઝજી, યુસુફ મૂલજી, ઉમાશશી અને કુંદનલાલ સાયગલ જેવા એ મંડળીમાં સામેલ હતા. તો સૌથી વધુ ગમતી વાત બી. એન. સરકારને મન એ હતી કે વિખ્યાત નવલકથાકાર શરદબાબુએ એમને પોતાની નવલકથા ‘દેના પાવના’ પરથી પહેલી બંગાળી સવાક્ ફિલ્મ બનાવવાની મંજૂરી આપી હતી ને કવિવર ટાગોરની મંજૂરી એમનાં ગીત-સંગીત અને વાર્તા માટે હાથવેંતમાં હતી.

આખો કારોબાર સિનેમાનો એટલે કે સતત વિલસતાં તેજ અને સજીવન ભાસતી છાયાનો હતો. એટલે ફિલ્મનિર્માણ સંસ્થા માટે કોઈ શ્રેષ્ઠ સૂચક લોગો (ભાનચિહ્ન) અને સૂત્ર જોઈએ. બી. એન. સરકારે આને માટે પણ શ્રેષ્ઠ વિદ્વાનોનો જ સંપર્ક કર્યો (કેટલાકને મતે એ કામ શરૂઆતમાં નહીં, પણ છેક ૧૯૩૪માં થયું હતું.). એમણે પંકજ મલિકને પણ આવા વિદ્વાનો પાસે મોકલ્યા. અંતે એમને ઉપનિષદની એક પંક્તિ મળી, જેના ઉપરથી પંડિતપ્રવર પરશુરામ ઉર્ફે રાજશેખર બસુએ એની રચના કરીઃ ‘જીવતાં જ્યોતિરેતુ છાયામ્.’ અર્થ સરળ છે. જે છાયા ઉપર પ્રકાશ પથરાય છે તે સજીવ થઈ ઊઠે છે. ફિલ્મના માધ્યમ માટે આ બિલકુલ ઉપયુક્ત સૂત્ર હતું. પાછળથી ૧૯૩૪ની સાલમાં પંકજ મલિકની ઉપસ્થિતિમાં એવા જ બીજા એક પંડિત સુનીતિકુમારે એની પાદપૂર્તિ પણ કરી આપી. પૂરો શ્લોક આ પ્રમાણે થયોઃ

*મુખરાં પ્રકટિત મનુજમાયામ્, વિદ્યુત-નાટક-નિસર્ગ કાયામ્,*
*પ્રસુતાં ચ ધવલ યવનિકાયાં જીવતામ્ જ્યોતિરેતુ છાયામ્.*

સફેદ પડદા - રજતપટ પર રચાતી તેજછાયાની લીલાનું આમાં સૂક્ષ્મ વ્યંજનાત્મક બયાન છે. ગોળાકાર દ્વિરેખાંકિત એવા આ લોગોની ઉપર ‘ધ ન્યૂ થિયેટર્સ લિ.’નું અંગ્રેજીમાં નામ. નીચે ‘જીવતાં જ્યોતિરેતુ સૂત્ર છાયામ્’નું અને મધ્યમાં ગર્જના કરતા હાથીનું ગળા સુધીનું રેખાંકન હતું, જે વિખ્યાત કલાકાર જતીન સેને દોર્યું હતું.

ભારતીય ફિલ્મોદ્યોગના ઇતિહાસમાં ચિરંજીવ સ્મૃતિ બની રહેનારા આ બૅનર નીચે

૧૯૫૪ની સાલ સુધીમાં એટલે કે તેના સામ્રાજ્યનો અસ્ત થયો ત્યાં સુધીનાં ૨૩ વર્ષોમાં ૫૩ હિંદી અને ૫૬ બંગાળી ફિલ્મો બનાવીને બી. એન. સરકારે તેમના પિતાને ફિલ્મોને 'નાટકચેટક' બદલે સાહિત્ય-સંગીત-સંસ્કૃતિ અને માનવીય સંવેદનાની વાહક બનાવવાનું વચન મહદ્ અંશે પૂર્ણ કરી બતાવ્યું. તેની ૧૯૩૧માં રજૂ થયેલી ફિલ્મ 'દેના પાવના' જ શરદબાબુની નવલકથા ઉપરથી બની હતી. આ પછી ૧૯૩૨થી તેમણે હિંદી ફિલ્મોના નિર્માણના ક્ષેત્રમાં પગરણ માંડ્યાં.

ભારતીય ફિલ્મોદ્યોગનું એ ખરેખર સદ્ભાગ્ય હતું કે અવાક્ ફિલ્મોના આરંભકાળથી જ એનો નાળસંબંધ ઉચ્ચ કક્ષાના સાહિત્ય અને સંગીત સાથે રહ્યો. બલકે એમ જ કહી શકાય કે એની કૂખમાંથી જ સવાક્ ફિલ્મોનો જન્મ થયો. લુડવિગ બ્રોંઝનું એક વાક્ય છે કે, 'દરેક શિલ્પી કોઈ પણ વ્યક્તિના શિલ્પમાં પ્રચ્છન્નપણે તો પોતાની ઓળખ જ કંડારતો હોય છે.' ન્યૂ થિયેટર્સની બાબતમાં આ યથાર્થ હતું. તેમણે ૧૯૩૧માં જે પહેલી બંગાળી ફિલ્મ 'દેના પાવના' બનાવી તે શરદબાબુની નવલકથા 'દેના પાવના' (લેણદેણ) ઉપર આધારિત હતી. આ માટે શરદબાબુએ તેમની પાસેથી માત્ર પ્રતીક પુરસ્કાર જ સ્વીકાર્યો હતો. તેઓ વારંવાર ન્યૂ થિયેટર્સના સ્ટુડિયોમાં જતા-આવતા અને જરૂર હોય ત્યાં સલાહસૂચનો આપતા થયા.

આ જ દિવસોમાં દેવકી બોઝ, આર.સી. બોરાલ, નીતિન બોઝ જેવા પ્રતિભાવાન પુરુષોનું આ સંસ્થામાં આગમન થયું. આમ તો પંકજ મલિક અને બોરાલ એમની મૂક ફિલ્મોના જમાનાથી સંગીત આપતા થયા હતા, પણ વધારે તેઓ રેડિયો (એ વખતે 'ઇન્ડિયન સ્ટેટ બ્રોડકાસ્ટિંગ સર્વિસ'ના નામે જાણીતી હતી તે સંસ્થા) સાથે જોડાયેલા હતા. ન્યૂ થિયેટર્સની સ્થાપના પછી એમનો જીવ આમાં વધુ પરોવાયો. પ્રેમાંકુર અટોર્થી જેવા સમર્થ લેખક-નાટ્યકાર પણ આ સંસ્થામાં 'દેના પાવના'ના દિગ્દર્શક તરીકે જોડાયા અને નીતિન બોઝ કૅમેરામૅન તરીકે. આ ફિલ્મ ડિસેમ્બર ૧૯૩૧માં રજૂઆત પામી. આ બંગાળી સવાક્ ફિલ્મની સમાંતરે જ શરદબાબુની બીજી નવલકથા 'પલ્લી સમાજ' પરથી બનનારી બંગાળી ફિલ્મનું શૂટિંગ પણ શરૂ થયું હતું. અલબત્ત, એની રજૂઆત કોઈ કારણસર વિલંબમાં પડી. એનું એક કારણ એ હતું કે પૂરા હિંદુસ્તાની બજારને લક્ષમાં રાખીને બી. એન. સરકારે હિંદી ફિલ્મનિર્માણમાં પણ સત્વરે ઝુકાવવાનો નિર્ધાર કર્યો. માત્ર હિંદી ફિલ્મો બતાવવા માટેના પોતાના નવા સિનેમાઘર 'ન્યૂ સિનેમા'નું ઉદ્ઘાટન એમણે શરદબાબુના હાથે કરાવ્યું.